સને ૨૦૨૫-૨૬ના વર્ષના ચાલુ બાબતના
અંદાજો તૈયાર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2407/CHH Section
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૪/૨૦૨૫

19 APR 2025

વંચાણે લીધા:

(૧) નાણાં વિભાગનો તા.૦૭/૦૩/૨૦૨૫ નો પરિપત્ર ક્રમાંક: FD/EXP/e-file/4/2023/3563/Z1(Economy)

(૨)ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના તા.૦૧/૦૨/૨૦૨૫ ના પત્રક્રમાંક:GSCPCR/bud/e-file/400/2023/0123/Registry

(3) ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના તા.૨૧/૦૩/૨૦૨૫ ના પત્રક્રમાંક:GSCPCR/bud/e-file/400/2023/0123Registry

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક(૧) પરના નાણા વિભાગના પરિપત્ર અનુસંધાને ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના વંચાણે લીધા ક્રમાંક(૨) અને (3) દ્વારા સને ૨૦૨૫-૨૬ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ ૧૦૦/- કરોડ સુધીની નાણાકીય જોગવાઇ ધરાવતી હોય તેવી ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ રૂ. ૨.૬૦ કરોડની કુલ ૦૧ (એક) ચાલુ બાબતોની જોગવાઇને વહિવટી મંજૂરી મેળવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

નાણા વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભ હેઠળના પરિપત્રથી સને:-૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સુચનાઓ આપવામાં આવેલી છે.

૨. આ વિભાગ હસ્તકના ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની સને ૨૦૨૫-૨૬ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ ૧૦૦/- કરોડ સુધીની નાણાકીય જોગવાઇ ધરાવતી હોય તેવી કુલ રૂ. ૨.૬૦ કરોડની કુલ ૦૧ (એક) ચાલુ બાબતો કે જેનો સમાવેશ અંદાજપત્ર પ્રકાશનમાં થયેલ છે જેને નીચેની શરતોને આધિન વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો

૧. આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૫ થી કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉધોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૧૨. અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

૧૩. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૧૪. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૨૯/૦૩/૨૦૨૫ની નોંધથી વિભાગના અગ્રસચિવશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(દ્રષ્ટિ શાહ)**

સેક્શન અધિકારી

File No: SJED/MSM/e-file/17/2024/2407/CHH Section
Approved By: Deputy Secretary,CHH Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા. ન્યા અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), સા.ન્યા.અને અ.વિ; સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઈલ

Signature Not Verified

Signed by: Drushti Shah
Section Officer
Date:2025.04.19
18:02:39 +5:30